# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-06-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# SHALA PRAVESHOTSAV

રાજ્યના છેવાડાના વિસ્તારમાં આદિવાસી દીકરા-દીકરીઓ પણ ખૂબ સારું શિક્ષણ મેળવી રહ્યા છે. સરકારી યોજનાઓનો લાભ લઈને દરેક બાળક સારામાં સારું શિક્ષણ મેળવે તે માટે સરકારે શરૂ કરેલી યોજનાઓનાં સારા પરિણામ મળી રહ્યા છે, એમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના ત્રીજા અને અંતિમ દિવસે સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકાના સરોડી ગામની પ્રાથમિક શાળાના પ્રવેશોત્સવ દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ પ્રમાણે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, ગ્રામ્ય-આદિવાસી વિસ્તારોમાં શિક્ષણનું સ્તર વધ્યું હોવાથી વિદ્યાર્થીઓ ડોક્ટર-એન્જિનિયર બની રહ્યા છે.

દરમિયાન રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના સીમલીયા ગામે તથા માંડવીના ધારાસભ્ય અનીરુધ્ધ દવેએ મુન્દ્રા તાલુકાના વિવિધ ગામોમાં "શાળા પ્રવેશોત્સવ" કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

મહેસાણા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવની સાથે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજાશે.

----------------------------

# NAUKA VIHAR NA NIYAMO

રાજ્ય સરકારે સમગ્ર રાજ્યમાં નૌકા વિહાર પ્રવૃત્તિઓમાં સલામતી વધારવા માટે મુસદ્દારૂપ નિયમોની જાહેરાત કરી છે.

જળક્રીડા માટે વપરાતી ક્લાસ 'સી' ની નૌકાઓ માટેનાં નિયમન, સંચાલન અને સલામતી સુનિશ્ચિત કરવા માટે મુસદ્દારૂપ નિયમોને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મંજૂરી આપી છે.

જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી 30 દિવસનાં સમયગાળામાં બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર મારફતે વાંધા સૂચનો મંગાવ્યા છે, જેનો સમયગાળો પૂર્ણ થયા બાદ નિયમોને અંતિમ ઓપ આપવામાં આવશે.

બોટિંગ પ્રવૃત્તિ માટે ખાનગી સંસ્થાઓ સહિતનાં સંચાલકો માટે સલામતી ધોરણોનું કડક પાલન સુનિશ્ચિત કરવા કડક જોગવાઈઓ સૂચિત કરવામાં આવી છે.

આ નિયમો બંદરો અને વાહનવ્યવહાર વિભાગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

--------------

# RAIN

સમગ્ર રાજ્યમાં આજે સાર્વત્રિક વરસાદની આગાહી વચ્ચે આજે 12 વાગ્યા સુધીમાં રાજ્યમાં 31 તાલુકાઓમાં હળવો વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્રના સુત્રાપાડા, ગારિયાધાર, ભાવનગર, તળાજા અમરેલી પંથકમાં જ્યારે દક્ષિણ ગુજરાતમાં સુરત, બારડોલી, કામરેજ, પલસાણા, પારડી, કપરાડા પંથકોમાં હળવા ઝાપટાં પડવાના અહેવાલ છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના 100થી વધુ તાલુકાઓમાં વરસાદ થયાના સમાચાર છે.

હવામાન વિભાગે આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે જ્યારે આવતીકાલે કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આગામી ત્રણથી ચાર દિવસમાં નૈઋત્યનું ચોમાસું સમગ્ર રાજ્યમાં પહોંચવાની સંભાવના પણ હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

મહીસાગર જીલ્લા ના વાતાવરણમાં વહેલી સવારે જ જીલ્લા ના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસ્યો છે જીલ્લા ના ખાનપુર કડાણા અને સંતરામપુર તાલુકા ના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે જોકે ખેડૂતો છેલ્લા કેટલાય સમય થી વરસાદ ની આતુરતા થી રાહ જોઇ રહ્યા હતા ત્યારે વરસાદ ના આગમન ને લઈ ખેતી માટે ની આશા રાખી રહ્યા છે.

તાપી જીલ્લામાં વહલી સવાર થી જ વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લાના ઉચ્છલ, નિઝર, કુકરમુંડા, તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. દક્ષિણ ગુજરાતના લોકો માટે લાઇફ લાઈન ગણાતા ઉકાઈ ડેમમાં પાણીની આવક શરૂ થઇ ગઈ છે ..ઉકાઈ ડેમના ઉપરવાસમાં વરસાદ પડતાં મહારાષ્ટ્રના હથનુર ડેમ માંથી પાણી છોડવામાં આવી રહ્યું છે . હથનુર ડેમ નો એક ગેટ ખોલવામાં આવ્યો છે. હાલ દક્ષિણ

ગુજરાતની જીવાદોરી સમાન ઉકાઈ ડેમ માં 6,392 ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે જેને પગલે ઉકાઈ ડેમની હાલ ની સપાટી 305.47 ફૂટ પર પોહચી છે ...

---------------

## Ahmedabad organ donation

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૧૫૮ મું અંગદાન થયું છે.

હોસ્પિટલ ખાતે થયેલ ૧૫૮માં અંગદાનની વાત કરીએ તો મજુરી કામ કરતા ૪૩ વર્ષીય હરિસિંહ ચૌહાણને ઉદયપુર નજીક અકસ્માત થતા પ્રથમ ઉદયપુર ખાતે અને ત્યારબાદ વધુ સઘન સારવાર અર્થે તારીખ સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં લાવવામાં આવ્યા હતા.

સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ડૉક્ટરોએ તેમને બ્રેઈન ડેડ જાહેર કર્યા હતા. હરિસિંહ અપરણીત હોવાથી તેમના પરીવાર જનોએ અંગ દાન કરવાનો નિર્ણય કર્યો હતો. હરિસિંહ ચૌહાણના અંગદાન થકી બે કીડની તેમજ એક લીવરનું દાન મળ્યુ હતું.

સિવિલ હોસ્પિટલ ખાતે આ સાથે અત્યાર સુધીમાં કુલ ૧૫૮ અંગદાતાઓ થકી કુલ ૫૧૧ અંગો તેમજ ચાર સ્કીનનું દાન મળેલ છે. જેના થકી ૪૯૫ વ્યકિતઓને જીવનદાન મળ્યુ છે.

.................

## KUNVAJI BAVALIYA

રાજયના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ ભાવનગરની મુલાકાત દરમિયાન તળાજા તાલુકામાં આવેલી જસપરા-માંડવા સિંચાઈ યોજનાની મુલાકાત લીધી હતી. સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર એ. એમ. બાલધીયાએ જસપરા-માંડવા ગામના આસપાસના ગામોને મળતા સિંચાઈના પાણી અંગે મંત્રીને વાકેફ કર્યાં હતા. જે ગામો પાણીથી વંચિત છે તેવા ગામોને સિંચાઈનું પાણી મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવા તેમણે અધિકારીઓને જરૂરી સુચનો કર્યાં હતાં.

-----------------

## MORBI PURTVATH DARODA

મોરબીમાં વિવિધ ગેસ એજન્સી અને દુકાનોમાં પુરવઠા ટીમે દરોડા પાડીને ૩૬૯ ગેસ સીલીન્ડર સહિતનો મુદામાલ જપ્ત કર્યો હતો.. મોરબી જીલ્લામાં આવેલ વિવિધ ગેસ એજન્સી અને દુકાનમાં ગેરકાયદેસર અને અનઅધિકૃત રીતે ગેસનો વેપાર ચાલતો હોવાની ફરિયાદોને પગલે પુરવઠા વિભાગની ટીમે દરોડા પાડ્યા હતા.. આ દરોડા દરમિયાન ત્રણ સ્થળેથી ૩૬૯ ગેસ સીલીન્ડરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે તો એક એજન્સીમાં ૧ હજાર ૫૫૩ કોમર્શીયલ સીલીન્ડરની ઘટ સામે આવતા ૭ લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે.

.................................

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................